# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯
અંક : ૯ વૈશાખ-એપ્રિલ સળંગ અંક-૧૩૦


: લેખક - પ્રેરક :

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**


: માનદ સંપાદક :
અને
: પત્ર વ્યવહાર :

**રાજેશ બી. શાહ**
જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



: લવાજમ :

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ **હે નાથ ! તારી પાસે ભક્તો વધારે કે ફરિયાદી ?**
★ **પરિગ્રહ - ૨**
★ **અનુમોદનામૃતમ્**


## આર્ષવાણી

**दीयते मार्यमाणस्य,**
**द्रव्यकोटिं वा जीवितम् ।**
**द्रव्यकोटिं परित्यज्य,**
**सर्वो जीवितुमिच्छति ।।**

મરતા માનવને એક તરફ જીવન આપો અને બીજી તરફ કરોડ રૂપિયા આપો, તો તે જીવ કરોડના ધનને છોડી જીવવાની જ ઈચ્છા કરશે.

કરોડો સુખને જન્મ આપનારી, દુષ્ટ કર્મોને દળી નાંખનારી, સર્વ પાપોનું મથન કરનારી અને શિવ (મોક્ષ અથવા નિરુપદ્રવસ્થાન) ની શોધ કરનારી 'જીવદયા' છે.



## ★ હે નાથ ! તારી પાસે ભક્તો વધારે કે ફરિયાદી ? ★★★

- ભક્તિમિત્ર

હે અંતર્યામી ! તારી પાસે અનેક આત્માઓ આવે છે. મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો કે - તારી પાસે આવનારા જીવોમાં ભક્તિ કરનારા કેટલા અને ફરિયાદ કરનારા કેટલા ? **ફરી ફરીને યાદ કરનારા કેટલા ને ફરિયાદ (કંપલેઈન) કરનારા કેટલા ?** આત્મસાક્ષીએ બધાનો જ લગભગ એક જ જવાબ મળશે કે - ફરિયાદીઓની સંખ્યા વધારે. કારણ, મંદિરમાં આવનારાને જાણકારી છે જ કે - હું પોતે પણ ફરિયાદ લઈને જ આવું છું, તે જ રીતે મોટાભાગના જીવો પોત-પોતાની, કાંઈ ને કાંઈ ફરિયાદ - અરજી લઈને જ આવતા હોય છે. હે ભગવાન ! તારી પાસે લેવા - મેળવવા આવે તેનો કાંઈ વાંધો નથી, પરંતુ તું અંતર્યામી હોવા છતાં, મારા-અમારા તમામ ભક્તોનાં દિલની વાતની ખબર હોવા છતાં... અરજી કે ફરિયાદ થાય તે યોગ્ય નથી. નાના બાળકને સમયે - સમયે ખાવા-પીવાદિનો ખ્યાલ રાખનારી માતા પાસે બાળકને અરજી કરવાની જરૂર જ નથી પડતી. તે જ રીતે તારી પાસે આવનારા અમે નાના બાળક સમાન છીએ. વગર ફરિયાદે તું અમારું ધ્યાન રાખે છે જ. તું આપે છે તે અમારી પાત્રતા જોઈને. તું આપે છે અમારી ક્ષમતા પારખીને... જ્યારે **અમે તો પાત્રતા ન હોવા છતાં યોગ્ય-અયોગ્ય માંગણીઓ તારી પાસે કરતા જ રહીએ છીએ.** લાગે છેઃ એ માટે જ અમે હજી દુઃખી છીએ. સંસારમાં ભટકીએ છીએ.

હે દેવાધિદેવ ! તારી પાસે જરૂરિયાતની પણ માંગણી કરતાં પૂર્વે જો રાગ-દ્વેષ ન થઇ જાય તેની માંગણી કરવામાં આવે, તેની કાળજી લેવામાં આવે તો ઘણાંઘણાં અહિતથી અમારા જેવા જીવો બચી જાય. ભૌતિક પદાર્થોને 'પુદ્ગલ' સ્વરૂપે સારીરીતે ઓળખવાના અભાવે આ રાગ-દ્વેષ થયા કરતા હોય છે, એવું મારું માનવું છે. **પુદ્ગલના વાસ્તવિક સ્વરૂપ અને સ્વભાવની ઓળખ થઈ જાય તો જીવો ઘણાં પાપકર્મોનાં બંધથી બચી જાય.** વળી, મને એવું લાગે છે કે - ફરિયાદ કોને પાસે કરું છું ? શા માટે કરું છું ? ભગવાન તે આપશે ખરા ? માતા પાસે; ભલે ખાવા-પીવાની જ ચીજ હોય તોય અયોગ્ય માંગણી કરે તો પ્રેમ-લાગણીથી બંધાયેલી માય તે બાળકને આપે ખરી ? ન જ આપે. કારણ તે માતા જાણે છેઃ બાળક હજી અજ્ઞાન છે. બે-સમજ છે. હિતાહિતનો વિવેક તેને નથી. મા સમજદાર હોય, લાભ-નુકશાનની તેને ખબર હોય, બાળકની ક્ષમતાને જાણતી હોય તો ક્યારેય

અયોગ્ય માંગણીને વશ ન થાય. તેવી ચીજ તેને આપે. ભલે તે બાળક હઠ-જીદ લઈને બેસે. ભલે તે નાદાન સંતાન રડવા લાગે. તેના પર ખોટી દયા મા ન ખાય. દયા ખાઈને અયોગ્ય પદાર્થ આપનારને સાચી મા ન કહેવાય.

હે જગદાધાર ! જે જાતે સમાધાન ન કરી શકે, રસ્તો ન કાઢી શકે, અપેક્ષા પૂરી ન કરી શકે તે જ ફરિયાદી બનતો હોય છે. જે પોતે જ માર્ગ કાઢી શકે તે ક્યારેય ફરિયાદી ન જ બને. બે વ્યક્તિ વચ્ચે વિવાદ ઊભો થાય.. બેમાંથી એક પણ વ્યક્તિ યોગ્ય માર્ગ ન કાઢી શકે ત્યારે જ કોઈ મધ્યસ્થીને વચમાં લાવવો પડે છે અથવા કોર્ટ-કચોરી સુધી પહોંચવું પડે છે. ભગવાન ! મારી દશા તો એવી છે કે - અનંતકાળ વીતવા છતાં હજી હું માર્ગ નથી કાઢી શક્યો. દુનિયાના સ્વાર્થી માનવોને મેં મધ્યસ્થી બનાવ્યા છે. **જે જીવો પોતાના જીવનમાં જ ચિંતાઓથી, ગૂંચોથી, સમસ્યાઓથી પીડાતા હોય તે બીજાના જીવનની સમસ્યાઓનાં સમાધાન કઈ રીતે આપી શકશે ?** હવે મારી કંઈક આંખો ખૂલી છે. અલબત્ત, હજી મોહાધીન છું. મોહની જાળમાં ગુંથાયેલો - ફસાયેલો છું. તેથી માનવો પાસે જ સમાધાન શોધુ છું. શાસ્ત્ર કે શાસ્ત્રાધ્યયન કરેલા ગુરુભગવંતો પાસે જઈને તેમની વાત માનવા તૈયાર નથી. **પૂ.ગુરુભગવંતો પાસે જવાથી જગતને, જગતના જીવોને ઓળખવાની દૃષ્ટિ મળે છે.** અર્થદંડ-અનર્થદંડનું પૃથક્કરણ કરી શકાય છે. ભક્ષ્યાભક્ષ્ય, પેય-અપેય, ગમ્ય-અગમ્ય, કર્તવ્ય-અકર્તવ્ય, હિત-અહિત, કલ્યાણકારી-અકલ્યાણકારી, લાભદાયક - નુકશાનકારક વગેરેનો વિવેક શાસ્ત્રનાં જ્ઞાન-વગર ક્યાંથી થઈ શકે? શાસ્ત્રનાં ટંકશાળી વચનો અથવા એ શાસ્ત્રોના આધારે થતાં પ્રવચનાદિ જ એ માટે શ્રેષ્ઠ ઉપાય છે; એવું હવે લાગવા માંડ્યું છે.

હે ત્રાતા ! તું તો જગનો રખોવાળ છે. તને તો જ્ઞાની ભગવંતોએ મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક અને મહાસાર્થવાહઃ આ ચાર વિશિષ્ટ વિશેષણોથી નવાજ્યો છે. આ વિશેષણો-વિશેષતાઓ અને ગુણો જોતાં-વિચારતાંય મસ્તક ઝૂકી જાય છે. આવી વિશેષતાઓ જગતમાં તારા (તીર્થંકર) સિવાય ક્યાંય શોધી પણ જડે તેમ નથી. તેથી જ આ વિશેષણોનો વિચાર કરતાં જણાય છે કે - તું જમીન પર ચાલનારા, જળમાર્ગે ચાલનારા, માનવોની તથા જાનવર આદિ તિર્યંચોની પણ રક્ષા કરનારો છે. અભયદાન દેનાર છે. આમાં મને તારા દિલમાં રહેલી લોકોત્તર - ભાવકરુણા જ કારણભૂત જણાય છે. એ માટે જ તને કરુણાસાગર, કરુણાનાગર, કારુણ્યપુણ્ય... વગેરે શબ્દોથી ઓળખાવ્યો છે. તને ઓળખનારા એ જ્ઞાની ભગવંતોએ આપેલી ઓળખ એક પણ નિરર્થક નથી. બધી જ સાર્થક છે !



જે જગત્શરણ્ય ! **તું માત્ર આસ્તિક જનોનાં દિલમાં જ નહીં, નાસ્તિકતા તથા અભવ્યનાં દિલપર પણ રાજ્ય કરે છે. તેઓનાં દિલમાંય યેનકેન પ્રકારેણ આપ વસેલા છો. ભલે તેના દિલને તારી તમામ વાતો ન પણ સ્પર્શતી હોય...!** તેનું મિથ્યાત્વથી વાસિત અંતઃકરણ તારી બધી જ વાતોનો સ્વીકાર ન પણ કરતું હોય... કેટલીક વાતોનો ૩૬૩ પ્રકારના પાખંડીઓની જેમ વિરોધ પણ કરતો હોય... છતાંય તારી કેટલીક ચીજોનો તે સ્વીકાર કરે જ છે. અભવ્યના જીવને ભલે મોક્ષતત્ત્વ મગજમાં ન જચતું હોય પણ જીવાદિ આઠ તત્ત્વની શ્રદ્ધા થઈ શકે છે. પુણ્ય-પાપનું ગણિત તેના ભેજામાં ઊતરે છે. દેવલોક વગેરેની પ્રાપ્તિ માટે તારા જ આરાધેલા અને બતાવેલા ચારિત્રનો સ્વીકાર કરે છે. તારા બતાવેલા-ફરમાવેલા તપની સાધના પણ કરે છે ! ભલે તે આત્મકલ્યાણના હેતુથી ન કરતો હોવાના કારણે,ભૌતિક સુખ-સામગ્રીની પ્રાપ્ત કરવાની ભાવનાના કારણે પોતાના જ ભવિષ્યને ધૂંધળું બનાવતો હોય...

હે પ્રભો ! 'મહાગોપ' શબ્દનો વિચાર કરું છું ને તારાં ઘણાં ઉત્તમ કાર્યો નજર સામે તરવરવા લાગે છે. એક ગોપ - ગોવાળ તો માત્ર પોતાનાં ગાયો વગેરે પશુઓની ચરાવવા વગેરેનું ધ્યાન રાખે છે ! માનવ જ નહીં, તિર્યંચ જ નહીં, નજરે ન દેખાતા દેવ-દેવી અને નરકમાં વસનારા નારકીઓ પણ તારા આ વિશેષણમાં સમાતા દેખાય છે.**ઘાસ કે અનાજ સાચો ચારો નથી. સમ્યગ્જ્ઞાન જ સાચો ચારો છે.** આ ચારો ચારે ગતિના જીવો લઈ શકે છે. તે ચારો તું જ આપે છે. જે જે જીવો **આ સમ્યગ્જ્ઞાનનો ચારો ચરે છે, તે તે જીવો ગમે તેવાં સુખ-દુઃખનાં નિમિત્તો વચ્ચેય પ્રસન્નતા - સમાધિ સાથે રહી શકે છે. દુર્ધ્યાનનો ભોગ બનતા નથી.** શ્રદ્ધાનો જન્મ પણ મોટે ભાગે એમાંથી થાય છે. મતલબ, સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન તો ચારે ગતિમાં મળી શકે છે.

દેવ-નારકીને ભલે સમ્યક્ચારિત્રરૂપ દેશવિરતિ-સર્વવિરતિની પ્રાપ્તિ થઈ શકતી નથી. તિર્યંચો સર્વવિરતિ ગ્રહણ કરી શકતાં નથી. માત્ર માનવો જ સર્વવિરતિ ગ્રહણ કરવા-પાળવા સમર્થ હોય છે, તે પણ સર્વ માનવો માટે સંભવિત નથી. ગણ્યા-ગાંઠ્યા જીવો જ આ ચારિત્રધર્મનો સ્વીકાર કરી શકે છે. કેટલોક કાળ તો એવો જાય છે કે - જે કાળમાં પાંચ ભરત તથા પાંચ ઐરવતક્ષેત્રના માનવો સંયમધર્મ અપનાવી શકતા નથી. માત્ર પાંચ મહાવિદેહ ક્ષેત્રની ૧૬૦ વિજયો જ એવી છે કે ત્યાં હંમેશ માટે ચારિત્રપ્રદાન કરનારા અને ચારિત્રનો સ્વીકાર કરનારા જીવો

પ્રાપ્ત થઈ શકે છે ! (કર્મભૂમિ પંદર હોવા છતાં બધે કાયમ ધર્મ-શાસન હોતું નથી ! અકર્મભૂમિ ૩૦ છે, તેમાં તો ચારિત્ર ક્યારેય સંભવિત નથી, ભલે ત્યાં વૈષયિક અને કાષાયિક ભાવો ઘણા અલ્પ હોય છે. ત્યાંથી દેવલોક મેળવી શકાય છે, મોક્ષ નહીં.)

'મહાગોપ' શબ્દોચ્ચાર કરતાં બીજું દૃશ્ય ખડું થાય છે, બીજો વિચાર આવે છે કે - તું માત્ર સંસારના ગોવાળની જેમ પશુઓનાં (સર્વજીવોનાં) શરીરનું જ, ખાવા-પીવાનું જ નહીં.. આત્મા સુધીનું ધ્યાન રાખે છે. તેના જ યોગે ભૂતકાળના ત્રીજા ભવમાં 'સવિ જીવ કરું શાસનરસીની ભાવનાનો તારા દિલમાં જન્મ થાય છે. આ ભાવના દ્વારા જ તીર્થંકર નામકર્મની નિકાચના થાય છે. (૨૦ સ્થાનકના તપથી તીર્થંકર નામ કર્મના દલિકો ભેગાં થાય છે. તેનો બંધ થાય છે.) સર્વ જીવોને શાસનના રસિક બનાવવાની ભાવનાના કારણે જ તે ભવના સંયમને 'સરાગ સંયમ' તરીકે વર્ણવ્યું. **હા, એ રાગ અપ્રશસ્ત નહીં, પ્રશસ્ત હતો. તેનાથી તું તો કર્મોથી ન બંધાયો પરંતુ ઘણા જીવોને કર્મોથી મુક્તિનું કારણ બન્યો.** તારા જીવનની કેટલીક ઘટનાઓ દિલમાં એવી અંકિત થઈ જાય છે કે - ખસવાનું નામ લેતી નથી. એ ઘટનાઓનાં માધ્યમથી દિલના દેવળમાં તું જ પ્રતિષ્ઠિત થઈ જાય છે. અરે ! માત્ર દિલમાં જ નહીં, મારા રોમ-રોમમાં, શ્વાસે શ્વાસે, હૃદયના પ્રત્યેક ધબકારમાં, અને... અને આત્માના પ્રત્યેક પ્રદેશમાં તારો વાસ થઈ ગયો છે !!

હે વીતરાગ ! તીર્થંકરભગવંત ! આપ મહામાહણ છો. બધાને એ જ જણાવો છો કે, કોઈને હણશો નહીં. કોઈને પણ દુઃખ ન દેશો. ભગવાન્ ! આપે સંપૂર્ણ અહિંસક જીવન અપનાવ્યું. **ઉપસર્ગ-પરિષહના સમયે તે તે પીડા દેનારનેય તો દુઃખ ન થાય, તેની હિંસા ન થાય તેનું લક્ષ્ય રાખ્યું !** પીડા-દુઃખ સહન કરીનેય બીજાને સુખ આપવાનો પ્રયત્ન કર્યો. માત્ર કાયાથી જ નહીં, વચન કે મનથી પણ હિંસા તેં નથી કરી... હિંસાનો તું ત્રિવિધ-ત્રિવિધ ત્યાગી છે. (મન-વચન-કાયાથી કરવું - કરાવવું કે અનુમોદનું પણ નહીં) જીવમાત્રને (નિગોદથી લઈ પંચેન્દ્રિય સુધીના સ્થાવર - ત્રસ જીવો) અભયદાન આપનારો છે. તે માટે જ જગતને પણ તેં સમજાવ્યું કે - **તમને જે ન ગમતું હોય તે બીજાને ન આપો.** સુખ-દુઃખની પ્રિય-અપ્રિયતા સૌને માટે સમાન છે. જીવન જીવવું બધાને ગમે છે. મરણ કોઈને ઈષ્ટ નથી. સ્વાર્થી ન બનો. થઈ શકે તો પરોપકાર કરો. દુશ્મનનું અહિત જ ન કરો; એમ ન કહેતાં તેનું પણ ભલું કરવાની વાત તેં જગતના જીવોને કરી.

**જ્યાં સ્વાર્થ હોય ત્યાં હણવાની-હિંસાની વાત આવે એ સ્વાભાવિક છે.** તું



સ્વાર્થી તો નથી જ, માત્ર નિઃસ્વાર્થ પણ નથી. મારું માનવું છે કે - તું તો તેનાથી ઉપર એટલે કે અપકારી પર પણ ઉપકાર કરનારો છે. પરોપકારી છે. જગતના જીવ માત્રનું ભલું કરવાની તારી વૃત્તિ હતી, તારી પ્રવૃત્તિ હતી. **સ્વાર્થ પાછળ રાગ-દ્વેષ પણ જવાબદાર ગણાય છે.** તું તો મહાવિરાગી અને વીતરાગી છે ! રાગના અંગારા કે દ્વેષના ધુમાડા તને અડી-આભડી શકે તેમ નથી. હા, દ્વેષના કારણે બીજાએ તને હેરાન કર્યા હોય તેવું ઘણીવાર જાણવા મળ્યું છે. તેં ક્યારેય મન-વચન-કાયાથી કોઈને હેરાન કર્યા હોય, દુશ્મનનેય દુઃખ દીધું હોય તેવું જાણવા જ નથી મળતું... કારણ આવી ઘટના સંભવિત જ નથી. **સંયમ સાધક, સિદ્ધિ-સાધક, આત્મસાધકને ક્યારેય પાપના શરણે જવાની જરૂર પડતી નથી. આવા જીવો જ નિષ્પાપ જીવન જીવી શકે.** મહામાહણ આપને પ્રાર્થના કરું છું કે - આવું જ જીવન બનાવવાનું મને બળ આપો. હું તારો અને તારા માર્ગનો ઉપાસક બનું !

હે સહજાનંદના ભોક્તા ! તારા આનંદમાં ક્યારેય ભેળ-સેળ નથી હોતી. મારા આનંદમાં ક્યારેય ઠેકાણાં નથી હોતાં, મારા આનંદમાં ગમે ત્યારે દુઃખનાં આંસું ભળી જતાં એ સુખ (આનંદ) ની મજા હણાઈ જાય છે. તારો આનંદ સહજ હોવાના કારણે તેમાં દુઃખ-ઉદ્વેગ વગેરેની કોઈ સંભાવના હોતી નથી. **આ આત્માનંદના ભોગવટામાં કોઈ હાનિ નથી. અમારા આનંદના ઉપભોગમાં પુણ્ય-પૈસાદિનો વ્યય થાય છે. ફરી એ પુણ્ય મને પૈસાની કમાણી કરવાની મહેનત કરવી પડે છે.** તે મહેનતમાં કેટલી સફળતા કે નિષ્ફળતા મળે તેની કોઈ ગેરંટી હોતી નથી. **સુખ ભોગવવામાં અને પૈસા કમાવવામાં એમ બંનેમાં પુણ્ય જ ખર્ચાય છે.** મતલબ, બંને માટે પુણ્યની આવશ્યકતા રહે જ છે. તારે તો સહજ-આનંદના ભોગવટામાં આગળ-પાછળ ક્યાંય - ક્યારેય ઘસારો પડતો નથી.પુણ્ય કે પૈસા ખૂટી પડશે - પછી શું - આવી ચિંતા કરવી પડતી નથી.

હે ગુણાકર ! તારી પાસે ગુણોનો ખજાનો હોવા છતાં ચોરાવા-લૂંટાવા કે બગડવાનો કોઈ ડર નથી. ચિંતાની આવશ્યકતા નથી. મારી પાસે સાવ અલ્પ હોવા છતાં મળેલું લૂંટાઈ ન જાય, ચોરાઈ ન જાય, ચાલ્યું ન જાય, ઘટી ન જાય વગેરે ચિંતા રાત-દિવસ કોરી ખાય છે. **ભોગ-ઉપભોગ કરવા છતાં તારા ખજાનામાં ઘટ પડતી નથી. મારે રોજ ઘટવાના કારણે નવું કમાવવાની ચિંતા દુર્ધ્યાનમાં તાણી જાય છે.** તારા ખજાનામાં પરિવર્તનની પણ કોઈ સંભાવના નથી. **એનો એ જ ગુણખજાનો ભોગવવા છતાં તેના પ્રત્યે તને અણગમો-અરુચિ જેવો ભાવ આવતો નથી.** આનંદ એવો ને એવો જ રહે છે. **અમને તો પાંચ ઈન્દ્રિયોના વિષયો એના એ**

**જ હોય તો અરુચિ થઈ જાય છે. તેના પ્રત્યે નફરતનો ભાવ જાગી જાય છે.** એમાં પરિવર્તન જોઈએ છે. રોજ નવા-નવા પદાર્થાદિની ઈચ્છા પરેશાની સર્જે છે. **જે પુદ્ગલો આજે આકર્ષણ પેદા કરે છે. કાલાંતરે તે જ પુદ્ગલો પ્રત્યે દ્વેષ પણ પેદા થઈ જાય છે. આ આકર્ષણ - અપાકર્ષણના સમયમાં રાગ-દ્વેષની ચિનગારીઓ સતત ઊડતી રહે છે.** આ રાગાદિના યોગે ક્લિષ્ટ કર્મનો બંધ થતો રહે છે. **મારા આત્માનું અને ગુણોનું નિકંદન કાઢનારા, મારા ધર્મને દૂષિત કરનારા એ કષાયોમાંથી મુક્તિ ક્યારે મળશે ?**

હે યોગીશ્વર ! મારી તો દશા સાવ જ કફોડી છે. **જેમ મારા-પરિવારમાં ઐક્ય નથી, તેમ મન-વચન-કાયાઃ ત્રણે સાથે વસવા-રહેવા છતાં તેમનામાં એકતા નથી.** મન-અલગ ચાલે છે. વચનની દિશા જુદી છે. તો કાયા વળી ભિન્ન પ્રવૃત્તિમાં જોડાયેલ હોય છે. એક જ હાથમાં રહેલી પાંચ આંગળીઓ જેમ સરખી નથી, તેમ આ મન-વચન-કાયામાં સમાનતા નથી. ઘણી વાર એવું અનુભવાય છે કે - મનની પાછળ વચન-કાયાને ખેંચાવું પડે છે. અરે ! એ તો ઠીક, મનની પરવશતા - પરાધીનતા તો એવી છે કે - આત્માને પણ પોતાના પ્રવાહમાં તાણી જાય છે. વિચારોના વા-વંટોળ કે વાવાઝોડામાં આત્મા ખોવાઈ જાય છે. ક્યાંય ને ક્યાંય ફંગોળાઈ જાય છે. વિચારોના પ્રચંડ પવનમાં આત્મા ઘણીવાર નિર્બળ પુરવાર થાય છે. **ક્યારેક પરિણામનો વિચાર કર્યા વગર ઉતાવળે બોલાયેલાં વચનોથી આત્માને આંતરીક - બાહ્યઃ બંને પ્રકારનાં નુકશાન ભોગવવાં પડે છે !** ક્યારેક એ કડવાં વેણ, સંબંધોમાં ખટાશ કે કડવાશ પેદા કરી દે છે. તો કદી સ્વ-પરનાં હાડકાં ખોખરાં થઈ જાય છે. આવી વિટંબણાઓ અને હાડમારીમાંથી મારો છૂટકારો ક્યારે થશે ? તારી કૃપાવગર મારો ભાગ્યોદય થવાનો નથી. ધ

## ★ પરિગ્રહ - ૨ ★★★

**-શ્રીધર્મમિત્ર**

જૈન શાસ્ત્રોમાં અંધ જીવોના આઠ પ્રકાર વર્ણવ્યા છે. તે ક્રમશઃ વિશેષ વિશેષ અંધ ગણાય છે. વિશેષ અંધજીવો, વિશેષ દયાને પાત્ર ગણાય છે. જ્ઞાની ભગવંતોનાં દિલમાં આવા જીવો પ્રત્યે વધારે કરુણા ઉભરાય છે.

આઠ અંધનાં નામ (પરિચય) : **૧. રતાંધળા** (રાત્રિમાં ન જોઈ શકનારા એટલે કે - સૂર્યની હાજરીમાં તેઓ તમામ પદાર્થોને - વ્યક્તિઓને સારી રીતે જોઈ શકે છે. પરંતુ સૂર્યાસ્ત થતાં જ તેઓની દૃષ્ટિ હણાઈ જાય છે. આવાં તો ઘણા પશુ-પક્ષીઓ જગતમાં છે. તે ઉપરાંત માનવોય ઘણા એવા છે કે - જે રાતના સમયે નથી



જોઈ શકતા. તેમને માત્ર દિવસે જ દેખાય છે. કેટલાક જીવોને આવી સ્થિતિ કુદરતી હોય છે તો કેટલાકને તેવા પ્રકારના કર્મના ઉદયે આવેલી બીમારીના કારણે આવી સ્થિતિ બને છે.

**૨. દિનાંધ :** આ જીવો રાતના જોઈ શકે છે પરંતુ દિવસે જોઈ શકતા નથી. આવી અંધ જીવોની યાદીમાં ખાસ કરીને નિશાચર ગણાતાં ઘુવડ, ચિબરી, વાગોળ, ચામાચીડિયાં વગેરે જીવો આવે છે. સામાન્ય માનવીને જેમ દિવસે સ્પષ્ટ દેખાય છે, તેમ આ નિશાચર જીવોને રાતના સમયે સૂર્યાદિના પ્રકાશનો અભાવ હોવા છતાં સ્પષ્ટ દેખાય છે, જ્યારે બિલાડી વગેરે કેટલાક જીવો એવા પણ હોય છે કે, તેને દિવસે અને રાત્રે પણ સ્પષ્ટ દેખાય છે. કુદરતનો કરિશ્માં અલગ જ ગણાય છે. કુદરતની લીલા ગજબ છે.

**૩. જાત્યંધ :** જે જન્મથી જ અંધ હોય તેને જાત્યંધ કહેવાય છે. આ બિચારા જીવો જન્મથી જ અંધ હોવાના યોગે કોઈપણ પદાર્થને તે ઓળખતા નથી. જન્મ પછી કેટલાંક મહિના કે વર્ષો વીત્યા બાદ રોશની ચાલી જાય તો આકૃતિના સ્પર્શ વગેરેથી તે - તે પદાર્થને; ભૂતકાળનાં અનુભવ અને સ્મરણોને આધારે ઓળખી શકે છે. ક્યારેક જન્માંધ વ્યક્તિને પણ વારંવાર સ્પર્શાદિ થવાના કારણે પદાર્થનો બોધ થઈ શકે છે. તો ક્યારેક વારંવાર અવાજ સાંભળવાના યોગે તે તે લોકોને ઓળખી જાય છે. અલબત્ત, જેની આંખ નબળી હોય તેની સ્પર્શનાદિ ઈન્દ્રિયો વધારે સંવેદનશીલ હોય છે. કેટલાક જીવો એવી સંજ્ઞાને છઠ્ઠી ઈન્દ્રિયનું જ્ઞાન પણ કહે છે.

**૪. માનાંધ :** જેને ગુજરાતી ભાષામાં ઘમંડી કહેવાય છે. અભિમાની કહેવાય છે. તેને પોતાની બુદ્ધિ, રૂપ, સંપત્તિ, જ્ઞાનવગેરેનું અભિમાન હોવાથી આવું અંધત્વ આવે છે. આવા અંધત્વનું વ્યવહારિક કારણ બુદ્ધિ, રૂપ, શ્રુત, વૈભવાદિ ગણાય છે પરંતુ કર્મગ્રંથની પરિભાષામાં વાત કરીએ તો માન-મોહનીયકર્મનો ઉદય ગણાય છે. આંખની દૃષ્ટિ ચાલી જવાથી, જન્મથી દૃષ્ટિ જ ન મળવાથી અથવા તેવી બીમારીના કારણે અચાનક યા ધીમે ધીમે જોવાની શક્તિ ક્ષીણ થતાં અંધત્વ આવે ત્યારે તે અંધ વ્યક્તિ ગમે ત્યાં અથડાય - કૂટાય તો તેને દોષિત ન માનતાં બધા લગભગ માફ કરે છે. પરંતુ આ ચારથી આઠમા પ્રકારના અંધજીવો તો નરી આંખે જોઈ શકવા છતાં (છતી આંખે) આંધળા ગણાય છે. આવા જીવોને ન તો માનવજાત માફ કરે કે ન તો કર્મસત્તા માફી આપે. તેથી જ્ઞાનીઓને મન આવા જીવો વિશેષ કરુણાપાત્ર ગણાય છે. આવા જીવો આંખનો ઉપયોગ કરે છે. પણ પોતાના ભૂત-ભવિષ્યનો વિચાર કરતા નથી. બુદ્ધિનો ઘમંડ રાખનારાય બુદ્ધિના સદુપયોગમાં

ઊણાં ઊતરે છે. જાણે તેઓની બુદ્ધિ (મતિ) બીજાને આપવા માટે જ મળી હોય તેવું જણાય. બીજાને સાચી-ખોટી સલાહ આપવામાં જ તેમને પોતાની મતિની સફળતા જણાતી હોય છે.

**૫. માયાંધ :** માયા - દંભ-પ્રપંચ-કાવાદાવા વગેરે કરવાના સ્વભાવવાળાને પણ શાસ્ત્રકાર ભગવંતો અંધ ગણે છે. આ અંધત્વમાંય બુદ્ધિના દુરુપયોગ સાથે માયા-મોહનીય કર્મનો ઉદય પણ જવાબદાર ગણી શકાય. માયા રાગ-સ્વરૂપ હોવાના કારણે તેને રાગાંધ પણ કહી શકાય. મોટે ભાગે પોતાની ભૂલ (પાપ) છુપાવા માટે કે પોતાની વાતને ખાનગી રાખવા માટે અથવા દોષને ગુણરૂપ બતાવવા માટે જીવ માયાનો આશ્રય લેતો હોય છે. તિર્યંચોમાં માયા વિશેષ જોવા મળે છે. માન વધારે માનવોને માર ખવડાવે છે. માયાવીનો ધર્મ પ્રાયઃ દૂષિત થાય છે. ધર્મ દૂષિત થાય ત્યારે આત્મા પણ દૂષિત થાય એ સ્વાભાવિક છે. આવું બધું જોવા-વિચારવાનું જેના કારણે બંધ થાય તેને અંધત્વ જ કહેવાય ને?

**૭. કામાંધઃ** કામાસક્ત માનવને કામાંધ કહેવાય છે. તેને વિષયાંધ પણ કહી શકાય છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ માણસને અંધ જેવું આચરણ કરવા મજબૂર બનાવે છે. પ્રશ્ન વ્યાકરણ નામના આગમમાં પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસક્તિને અબ્રહ્મ તરીકે ગણાવેલ છે. માત્ર સ્પર્શનેન્દ્રિય રૂપ વિજાતીયની ગુલામીને જ અબ્રહ્મ નથી ગણાવ્યું. કામી મનુષ્યને બુદ્ધિ હોવા છતાં, સમજનો વિકાસ હોવા છતાં આંધળા જેવી ચેષ્ટા કરે છે, તેથી જ્ઞાનીઓ માટે વધુ દયનીય જણાય છે. કામી માનવની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ કેવી હોય છે તે પણ શાસ્ત્રોના આધારે જાણવા જેવો અને એનાથી બચવાનો પ્રયત્ન કરવા જેવો વિષય છે.

**૮. લોભાંધ :** લોભી માણસ લોભમાં અંધ બનીને ઘણા-ઘણા અવગુણોને-દોષોને પોતાના જીવનમાં પ્રવેશ આપે છે. ક્રોધ-માન-માયા કરતાં લોભ વધુ ખતરનાક ગણાય છે. માટે જ કહેવાયું છે. 'લોહો સવ્વ-વિણાસણો' અર્થાત્ લોભ સર્વ વિનાશક છે ! ક્રોધાદિ ત્રણ દોષો એક-એક ગુણને હણે છે, જ્યારે લોભ તો તમામ ગુણોનો ઘાત કરે છે. આઠ પ્રકારના અંધજીવો ઉત્તરોત્તર વિશેષ-વિશેષ અંધાપાવાળા ગણાય છે. તેનો મૂળ પ્રાકૃત શ્લોક આ પ્રમાણે મળે છે.

**रत्तिंधा दिहंधा जच्चंधा माण-माय-कोहंधा ।**

**कामंधा लोहंधा, इमे कमेण विसेसंधा ।।**

પરિગ્રહના કારણે બે પ્રકારનું અંધત્વ આવવાની પૂરી સંભાવના છે. ૧. માનાંધતા અને ૨. લોભાંધતા. બાકીના કામાંધતા, માયાંધતા, ક્રોધાંધતા



વગેરેથી કોઈ પુણ્યશાળી જીવ બચી પણ શકે. વાસ્તવિક તે જ બચી શકે, જે પરિગ્રહના પાપથી ડરતો હોય, પણ પુણ્યથી લક્ષ્મી પ્રાપ્ત થતી હોય; એ લક્ષ્મીને સુકૃતના માર્ગે વાપરતો હોય. વસ્તુપાળ - તેજપાળ જેવાનું નામ આવી યાદીમાં જરૂર આવી શકે ! તેમને માન ન નડ્યું... ત્યારે જ પ્રભુ પાસે કહ્યું.

**'न कृतं सुकृतं किञ्चित्, सतां संस्मरणोचितम् ।'** અર્થાત્ અબજોની સંપત્તિનું સુકૃત કરવા છતાં પ્રભુને કહે છે : 'સજ્જન પુરુષો સ્મરણ કરે, વાગોળે એવું કોઈ સુકૃત મેં કર્યું નથી !' આવા જીવો જ સંપત્તિ હોવા છતાં માનાદિની અંધતાથી દૂર રહી શક્યા ! - રહી શકે.

માનાંધતા આદિ સંપત્તિ વગેરેના દુર્ગુણો છે. તેનાથી બચવાની સલાહ જ્ઞાની પુરુષો આપે છે.

૨. **वक्रतां जातु नोज्झति ।** 'પરિગ્રહ' પોતાની વક્રતા છોડતો નથી. આ વાક્ય પાછળ જ્ઞાની ભગવંતોનો આશય શું છે, તે સમજીએ.

ગ્રહો સામાન્યગતિવાળા, મંદગતિવાળા અને શીઘ્ર ગતિવાળાઃ એમ ત્રણ પ્રકારે ગતિ કરે છે. તે ઉપરાંત અતિચારી અર્થાત્ પરમશીઘ્રગતિવાળા પણ બને છે. માત્ર રાહુ-કેતુ શીઘ્રગતિ કે પરમશીઘ્રગતિવાળા થતા નથી. બાકીના સાત ગ્રહોમાં એની ગતિમાં પરિવર્તન આવતું રહે છે. રાહુ-કેતુ સામાન્ય (મધ્યમ) ગતિથી જ ચાલે છે. હા, રાહુ-કેતુ હંમેશા વક્ર (ઊંધા) જ ચાલે છે.

રાહુ-કેતુ પોતાની વક્રતા ન છોડે તેમ આ પરિગ્રહ નામનો હંમેશા પીડાદાયક ગ્રહ પોતાની વક્રતા છોડતો નથી. તેની અવળચંડાઈ સર્વજન -વિદિત છે.

ભાગ્ય બળવાન હોય અર્થાત્ પુણ્ય પ્રબળ હોય તો શનિની પનોતી પણ અશુભની જગ્યાએ શુભ ફળ આપનાર બને છે. જન્મકુંડલીમાં કે ગોચરના (વર્તમાનમાં રહેતા)ગ્રહો ભલે ગમે તેટલા અશુભ હોય તોય શુભ (અનુકૂળ) બની જાય છે. બરાબર એ જ રીતે સંતોષ ગુણ, પરિગ્રહ પાપનો ભય વગેરે હોય તેને પરિગ્રહ પણ પ્રતિકૂળ, પીડાદાયક, કે દુર્ગતિજનક બનતો નથી.

શનિ વગેરે ગ્રહો ક્યારેક મંદગતિથી ચાલવાને કારણે સામાન્યથી જે રાશિમાં રહેવા જોઈએ તેના કરતાં પાછળની રશિમાં રહી જાય છે. આ પરિગ્રહ નામનો ગ્રહ તો હંમેશા જીવોના સમૂહરૂપ રાશિની સાથે જ રહે છે. પરિગ્રની પીડાથી મુક્તિ અપાવનાર નિષ્પરિગ્રહ-સંતોષ અથવા પરિગ્રહપરિમાણવ્રત ગણી શકાય. તે માટે શ્રમણ-શ્રમણી ભગવંતોની જેમ નિષ્પરિગ્રહી (અકિંચન) બનવું પડે, કાં પુણિયા શ્રાવકાદિની જેમ સંતોષ ધારણ કરવો પડે. છેલ્લે ભગવાન વીર વિભુના

આનંદાદિ ૧૦ શ્રાવકોની જેમ પરિગ્રહ પરિમાણ કરવું પડે. પરિમાણ કરનારો (લિમિટ બાંધનારો) જીવ લોભનો શિકાર બનતો નથી. લોભ જ્યારે જીવનો શિકાર કરે છે, ત્યારે મોટે પાયે ગુણાદિની હાનિ થાય છે. અને જીવ પીડાજનક પાપોપાર્જન દ્વારા દુર્ગતિમાં પરિભ્રમણ વધે તેવું અશુભ કર્મ બાંધે છે.

પરિગ્રહ હંમેશા એક જ ગતિથી, એક સરખી રીતે બધાને હેરાન કરે છે. જગતના જીવોમાં પરિવર્તન આવે છે. પરિગ્રહની ગતિ વગેરેમાં પરિવર્તન નથી આવતું. **પરિગ્રહ નામનો ગ્રહ કોઈ આકાશમાં પરિભ્રમણ કરનારો નથી. નવ ગ્રહ ગણો કે લાંબા આયુષ્યવાળાના જીવનમાં પ્રભાવ બતાવનારા ૮૮ ગ્રહો ગણો; તે આકાશમાં રહે છે - પરિભ્રમણ કરે છે.** તે ગ્રહો જીવોના જીવનમાં કઈ ઘટના બનશે, તેનું માત્ર દિગ્દર્શન કરાવે છે. **નિશ્ચયનયથી વિચારીએ તો ગ્રહો ક્યારેય પીડા નથી આપતા... જીવોને પોત-પોતાનાં કર્મો શુભાશુભ ફળ આપે છે. વ્યવહારથી ગ્રહોને જવાબદાર ગણવામાં આવે છે.** પરિગ્રહ તો જીવોની સાથે જ રહીને (પરિગ્રહીને જ નહીં, પરિગ્રહ મેળવવા, ભેગો કરવાની લાલસા - મનોકામના વાળાને પણ) પીડા આપે છે.

ભૂતને પણ ઘણા લોકો ગ્રહ કહે છે. આવા ભૂત-ગ્રહના વળગાડવાળાને તે ભૂતની પીડાથી મુક્ત કરી આપનારા ભુવા જગતમાં ઘણા છે પરંતુ આ પરિગ્રહનામના ભૂત-ગ્રહની પીડાથી છોડાવનારા જગતમાં કોઈ ભુવા છે ખરા ? શ્રીતીર્થંકર - ગણધર ભગવંતો કે તેઓનાં કલ્યાણકારી, તમામ પીડાઓથી મુક્તિ અપાવનારાં તારક વચનો જ કામ લાગી શકે. અપેક્ષાએ ગણીએ તો જીવો કરતાં આ જડ હોવા છતાં ચેતનાને જગાડનારાં, ઢંઢોળનારાં અને ખુદચૈતન્ય સ્વરૂપ વચનોમાં વધારે સામર્થ્ય છે. મતલબ, આવાં વચનોને ક્યારેય 'જડ' ન માનવાં, પરિગ્રહ (કેટલાક પ્રકારનો) જડ હોવા છતાં ચેતનાને પીડા નથી આપતો ? તે જ રીતે જિનવચનો જડ હોવા છતાં પીડામાંથી મુક્તિ કેમ ન અપાવી શકે ?

મતિ આદિ ચાર જ્ઞાન તો સ્વપ્રકાશક છે, જ્યારે શ્રુતજ્ઞાન તો સ્વ-પર પ્રકાશક ગણાય છે ! કેવળજ્ઞાની પણ શ્રુતના માધ્યમથી જ જ્ઞાન આપી શકે છે. અજ્ઞાનતાને દૂર કરી શકે છે. અંધકારને દૂર કરી પ્રકાશ પાથરી આપે છે.

૩. **विडम्बितजगत्त्रयः** અર્થાત્ આ પરિગ્રહ-ગ્રહે તો ત્રણે જગતને ત્રાસ આપ્યો છે. (વર્તમાનમાં આપે છે અને ભવિષ્યમાં આપશે.) **રાજા-મહારાજા હોય તોય કે ત્રાસવાદી હોય તોય તેઓ મર્યાદિત જનતાને-જીવોને જ તે પીડા આપી શકે છે. પરિગ્રહની વિડંબનાથી તો ચૌદ રાજલોક કે ત્રણે ભુવનમાં રહેલા તમામ જીવો**



**ભયાનક પીડાનો ભોગ બને છે.** ભલે ને તે દેવ કે દેવેન્દ્ર કેમ ન હોય, વિદ્યાધર કે ચક્રવર્તી કેમ ન હોય.. કીડી-મંકોડા જેવા વિકલેન્દ્રિય જીવો હોય, વનસ્પતિ આદિ એકેન્દ્રિયજીવો હોય કે કૂતરાં વગેરે જાનવરો (પંચેન્દ્રિય તિર્યંચો) હોય.. બધા જ પરિગ્રહની જાળમાં ફસાયેલાં છે.

આવી પીડા-ચુંગાલમાંથી છૂટવા માટે જ જ્ઞાની ભગવંતોએ વ્રત-મહાવ્રતરૂપે તેને નાથવાની વાત કરી છે. સર્વથા કે દેશથી પરિગ્રહથી વિરમણ કરવાની કે પરિમાણ લાવવાની વાત મૂકી છે.

પરિગ્રહથી મુક્ત ન થયા તે સર્વથા દુઃખ મુક્તિ ન જ પામી શક્યા. **ગીત-ગાનને વિટંબણા માને, અલંકાર-દાગિનાને શરીરના ભારભૂત માને, સર્વ કામના (પાંચ ઈન્દ્રિયના) વિષયોને દુઃખનાં કારણ રૂપ માને તે જ વ્યક્તિ સર્વસંગના ત્યાગ માટે યોગ્ય ગણાય.** આવી માન્યતાના કારણે જ પૃથ્વીચન્દ્ર - ગુણસાગર જેવા રાજગાદી અને લગ્નની ચોરીમાં કેવળજ્ઞાન પામ્યા !

ભરત મહારાજા ચક્રવર્તી હતા. વ્યવહારથી ગણો તો ચૌદરત્ન, નવ નિધાન, છ ખંડના ૩૨૦૦૦ દેશ, ૯૬ કરોડ ગામ-નગર અને ૯૬ ક્રોડ પાયદળ, ૬૪૦૦૦ રાજરાણીઓ, હજારો - લાખોનો પરિવાર વગેરે વિશાલ અને માનવલોકમાં સર્વોત્કૃષ્ટ ગણી શકાય એવો પરિગ્રહ હોવા છતાં, મનથી વૈરાગી હોવાના કારણે રાગ-મોહના ઘર જેવા અરિસા-ભવનમાં કેવળજ્ઞાન પામ્યા ! તેમના જીવનમાં વ્યવહારથી આટલો મોટો પરિગ્રહ હોવા છતાં નિશ્ચયથી અલિપ્ત હતા, માટે જ તેમનો પરિગ્રહ; કર્મબંધ માટે કે ડુબાડનારો ન થયો.

ત્રણે જગતના જીવોને વિડંબનારૂપ બનેલો, બનતો પરિગ્રહ; ત્યાગની ભાવનાવાળા યોગી જેવા જીવોને નિર્લેપ રાખી શકે છે. પુણ્યથી મળનારો અથવા જરૂરી ચીજોનો સંપર્ક હોય ત્યાં સુધી તે તેટલું હાનિ કરનાર ન થાય... પરંતુ ચીજો-પદાર્થોનો સંપર્ક ન હોવા છતાં મેળવવા વગેરે રૂપ મમત્વ હોય તો તે પણ જીવને દુર્ગતિમાં ભ્રમણ કરાવનાર થાય છે. મૂર્ચ્છાને પરિગ્રહ ગણાવ્યો છે.

આ બધું સમજીને પુણ્યના ઉદયથી મળેલા કે નહીં મળેલા પદાર્થો પર રાગ-આસક્તિથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભોગ કેટલો ભોગવો છો, તેનું જ માત્ર ગણિત નથી કરવાનું.... આજે પણ કેટલાય શેઠિયા એવા છે કે - જેઓ કેવળ સંપત્તિ મેળવવા - ભેગી કરવા અને સાચવવામાં જ કિંમતી જિંદગી હોમી રહ્યા છે. એમાંના ઘણા તો હાર્ટ, ડાયાબિટીશ, બી.પી. વગેરેના રોગથી પીડિત હોવાના કારણે કેટલીય ચીજો તો ખાઈ-પી નથી શકતા. એ બિચારા (!) જીવોને

પૂરી ઊંઘ પણ મળતી નથી. ચેનવાળી જિંદગીનો અનુભવ નથી... માત્ર દોડ-ભાગવાળું જીવન છે. તોય કેટલાં કર્મ બાંધી, કેવી ઊંડી દુર્ગતિમાં પહોંચી જશે, ખબર નથી. કોના માટે કમાય છે, તે મોટો યક્ષ-પ્રશ્ન છે. પુણ્યથી મળેલાને સફળ કરવા માટે યોગ્ય માર્ગ શોધી દાનાદિ દ્વારા નવાં પુણ્યના ઉપાર્જનમાં આગળ વધો, એ જ મંગલકામના.

(ક્રમશઃ) ધ

## ★ અનુમોદનામૃતમ્ ★★★

**સમૂહ વર્ષીતપનું આયોજન** **- સંકલન**

આગમ-શિલ્પાદિ વિશારદ, સન્માર્ગરક્ષક પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા** આદિ ઠાણાં તથા પ્રવર્તિની પૂ.સા.શ્રી **ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪** ની નિશ્રામાં બોરસદનગરે સામુદાયિક વર્ષીતપનો ફા.વ.૭ તા.૧૪-૩-૨૦૨૩ મંગળવારે છઠ્ઠના તપપૂર્વક પ્રારંભ થયો. તપસ્વીઓ-એ ચૌમુખ (નાણ) ભગવાનને પ્રદક્ષિણા દઈ, માંગલિક કરી પૂ.આ.ભ.શ્રીના વરદમુખે પચ્ચક્ખાણ કર્યું. ત્રણ પ્રદક્ષિણા સમયે બધાએ વાસયુક્ત અક્ષતથી વધાવી શુભ કામના પાઠવી હતી. પૂ.આ.ભ.શ્રીએ અભિમંત્રિત વાસક્ષેપ સૌને કર્યો હતો. એકાસણાં-બિયાસણાં ન કરનારાય આ તપના અભિયાનમાં જોડાયા છે. પૂજ્યશ્રીએ નાનું માર્મિક પ્રવચન કર્યું.

લાભાર્થી આયોજકો કે જેમણે લાખો રૂપિયાનો લાભ દીધો છે; તેઓ ગુપ્ત રહેવા માગે છે. મતલબ, કોઈએ પોતાનું નામ જાહેર કર્યું-કરાવ્યું નથી ! માત્ર બિયાસણાંવાળા લાભાર્થીનાં નામ જાહેર થશે. તેઓનાં બહુમાન થશે.

જૈનવાડીમાં સામૂહિક પચ્ચક્ખાણ કર્યાબાદ ત્યાંથી બેન્ડ વાજાં સાથે (વાજતે-ગાજતે) કાશીપુરાના શ્રીઆદિનાથ જિનાલયે પધાર્યા. ત્યાં સામુદાયિક ચૈત્ય વંદન તથા વિધિ કરાવી હતી. ત્યારબાદ સૌ પોત-પોતાના ઘરે પધાર્યા હતા.

ફા.વ.૮ તા.૧૫-૩-૨૦૨૩ બુધવારે સવારે શ્રી આદિનાથ ભગવાનના જન્મ-દીક્ષા કલ્યાણક નિમિત્તે અને વર્ષીતપની આરાધનાના મંગલ માટે શ્રીઆદિનાથ જિનાલયમાં મૂળનાયક ભગવાન પર અભિષેકનું આયોજન કરાયું હતું. તેમાં શ્રીભક્તામર સ્તોત્ર, શાંતિધારા વગેરે પ્રભાવશાળી સ્તોત્રનું આલંબન લેવાયું હતું.

**'તપ અને તપના મહિમા'** જેવા વિષયો પર પ્રવચનો ચાલું હતાં.

**વિહાર અને ચૈત્ર માસની શાશ્વતી ઓળી :**



ફા.વ.૯ અને ફા.વ.૧૧ ના બે બિયાસણાં તથા ફા.વ.૧૨+૧૩-૧૪ ના છઠ્ઠનાં પચ્ચક્લ્યાણ સુધી પૂજ્યશ્રીની સ્થિરતા બોરસદમાં હતી. ફા.વ.૧૪ ના પૂજ્યશ્રીએ વિહાર કર્યો. પ્રથમ-દિવસે પૂજ્યશ્રી કિંખલોડ ગામે રોકાયા. ત્યાં સ્કૂલમાં સ્થિરતા કરી ક્રમશઃ ગંભીરા, વહુ, ગવાસદ, માસર રોડ, નોંધણા, નહાર થઈ પૂજ્યશ્રી તથા સાધ્વીજી ભગવંતો પૂ.ગુરુદેવ આ.ભ.વિજયમિત્રાનંદ સૂ.મ.સા.ના સ્વર્ગારોહણપર્વદિને, ચૈ.સુ.૬ તા.૨૭-૩-૨૦૨૩ સોમવારે કાવીતીર્થમાં પધાર્યા.

અહીં પાંત્રીશગામ વીશાશ્રીમાળી જ્ઞાતિના ઉપક્રમે સામુદાયિક ચૈત્રી ઓળીની આરાધનામાં નિશ્રા પ્રદાન કરવા, તેઓની વિનંતિથી પૂજ્યશ્રી પધાર્યા હતા. એમાં મુખ્ય લાભાર્થી અ.સૌ. મિતાબેન મહેન્દ્રભાઈ અંબાલાલ પરિવાર (હીરાપુરવાળા-હરસ નડિયાદ) હતો, કે જેઓ પૂ.મુ. શ્રી દેવરત્ન વિ.મ. ના સંસારી પુત્રવધૂ થાય.

આ પરિવાર વર્ષોથી નડિયાદમાં વસી રહ્યો છે. તેઓના ગૃહાંગણે શ્રીસુમતિનાથ ભગવાનનું જિનાલય બનાવી પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મ. તથા પૂ.મુ.શ્રી દેવરત્ન વિ.મ.ની પાવનનિશ્રામાં પ્રતિષ્ઠા કરાવી હતી. આ જિનાલયમાં રોજ ૧૦૦-૧૫૦ ભાગ્યશાળીઓ પૂજા-ભક્તિ કરે છે. આ પરિવાર અવાર-નવાર કાંઈક ને કાંઈક સુકૃત કરતો જ હોય છે. વર્ષોથી પોતાના ગૃહાંગણે આયંબિલ શાળા ચલાવતા હતા. કોરોનાથી તે બંધ કરવી પડી.

ચૈ.સુ.૭ તા.૨૮-૩-૨૦૨૩ મંગળવારે સાંજે આરાધકો પધાર્યા. તેમને આવવા માટે નડિયાદ તથા અમદાવાદથી બસોની સગવડ આયોજક પરિવારે કરી હતી. સાંજે તે તપસ્વીઓને ઉતરપારણાં કરાવાયાં હતાં.

ચૈ.સુ.૮ તા.૨૯-૩-૨૦૨૩ બુધવારથી ઓળીનો પ્રારંભ થયો. તે દિવસથી રોજ બે-બે પ્રવચન પૂ.આચાર્ય ભગવંત આપતા હતા. સવારના ૭ થી ૮-૩૦ ના પ્રવચનમાં જે તે પદના મહિમા, તેના ગુણો, વિશેષતા વગેરેનો વિષય રહેતો. બપોરે શ્રીપાળરાજાના રાસ પર પ્રવચનો થતાં. બંને પ્રવચનોમાં નવી-નવી જાણકારી સાથે પ્રવચનની શૈલી જ એવી હતી કે શ્રોતાઓ રસતરબોળ રહેતા ! સમયસર તમામ શ્રોતાઓ હાજર થઈ જતા. બંને ટાઈમ વ્યાખ્યાનમાં કેસર, ગોળ, સાકર વગેરેની પ્રભાવના થતી.

પ્રવચન ઉપરાંત લગભગ રોજ ભિન્ન-ભિન્ન અનુષ્ઠાનો કરાવાતાં હતાં. પહેલા દિવસે નવપદની પૂજા, ૨-૩-૪ થા દિવસે શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી સરસ્વતી દેવીનું અનુષ્ઠાન કરાવાયું. ૯ થી ૧૨ માં આ રીતે પૂજા-અનુષ્ઠાનાદિ થતાં. સુ.૧૨

રવિવાર શ્રીશક્રસ્તવ અભિષેક, પ્રથમ તેરસે શ્રીગૌતમસ્વામીનું પૂજન, બીજી તેરસે શ્રમણભગવાન શ્રીમહાવીરસ્વામીના જન્મકલ્યાણક નિમિત્તે ગામના રાજમાર્ગો પર વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જ્યારે ચૌદસના દિવસે પંચકલ્યાણક પૂજા ભણાવાઈ. સુ.૧૫ તા.૬-૪-૨૦૨૩ ગુરુવારે શ્રીસિદ્ધચક્ર પૂજન ભણાવાયું.

નવે દિવસ સંગીતકાર ફેનિલભાઈ ખંભાતવાળાએ સૌને જિનભક્તિમાં ઝીલાવ્યા. પૂજનમાં વિધિકાર હાર્દિકભાઈ અમદાવાદવાળા પધાર્યા હતા. પૂનમના દિવસે બપોરે શ્રીપાંત્રીશગામ વીશાશ્રીમાળી જ્ઞાતિએ પ્રત્યેક વર્ષે, સામુદાયિક ચૈત્રી ઓળી થઈ શકે તે માટે મોટું ફંડ કરેલ છે. તેમાં બે ભાગ્યશાળીઓ મુખ્ય દાતા તરીકે છે. તેમનું પણ બહુમાન થયું. એ જ રીતે પોષ દશમીના કાયમી અઠ્ઠમ માટે ય મોટું ફડં કરેલ છે. બંને આયોજનમાં જ્ઞાતિ વ્યાજની અમુક રકમ આયોજકને આપે છે. બાકીનો ખર્ચ પોતાની શક્તિ-ભાવનાનુસાર આયોજક પરિવાર કરે છે.

**પૂજ્યોનું પ્રવચન અને કાવીતીર્થના સાધારણખર્ચ માટે લાખોનું ફંડ :**

'સાસુ-વહુનાં દહેરાસર' તીરેક પ્રસિદ્ધિ પામેલ આ કાવીતીર્થ અતિ પ્રાચીન છે. કંકાવટી જેવા નામથી ઓળખાતું આ નગર હાલ કાવીના નામથી ઓળખાતું ગામ (તાર્થ) છે. ઐતિહાસીક ઉલ્લેખ મુજબ આ નગરમાં પૂર્વે ૮૦૦ થી અધિક જૈનોનાં ઘર હતાં. કાળના પરિવર્તનમાં આજે એક પણ જૈનનું ઘર નથી. સુંદર શ્રીઆદિનાથ જિનાલય અને શ્રીધર્મનાથના બાવન જિનાલય રૂપે બંને જિનમંદિરો નગર (ગામ)ની આન-બાન-શાન છે. હિંદુ તથા મુસ્લિમઃ બંનેની વસ્તી છે. યાત્રિકોની અવર-જવર ઘટવાના કારણે નવી આવકનો પ્રવાહ ઓછો છે. લગભગ રૂપિયા સવા લાખનો માસિક ખર્ચો છે. દેવદ્રવ્યાદિનો દોષ કોઈને ન લાગે તે માટે પૂજ્યશ્રીએ પ્રવચનમાં સર્વસાધરણનિભાવ માટે સારું ફંડ કરવાનો ઉપદેશ આપ્યો. પાંત્રીશ ગામની જ્ઞાતિએ સારો પ્રતિભાવ આપ્યો. રૂ.૧૨૦૦-૧૨૦૦ ની એકતિથિ એવી ૧૦૦૦ થી અધિક તિથિ મળી લગભગ ૧૫-૧૬ લાખનું ફંડ થઈ ગયું !

આ જ્ઞાતિ પર પૂજ્યપાદ ધર્મતીર્થપ્રભાવક, અખંડબાલબ્રહ્મચારી આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજનો બેજોડ-ઉપકાર છે. 'જ્ઞાતિના આદ્ય ગુરુ' તરીકે કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. જૂની બે પેઢી પૂ.ગુરુદેવના સંપર્કમાં હતી. હાલ પણ જ્ઞાતિજનો પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મ.સા.ને પોતાના ઉપકારી ગુરુદેવ માને છે. જ્ઞાતિનાં ઓળી-અઠ્ઠમ વગેરે ઘણાં અનુષ્ઠાનો ગુરુ-શિષ્યરૂપ બંને પૂ. આચાર્યભગવંતોની નિશ્રામાં થયાં છે. આગળ પણ હજી ઘણા ભાગ્યશાળીઓ ઓળી-અટ્ઠમ વગેરે કરાવવા માટે લાઈન લગાવીને ઊભા છે !!



જ્ઞાતિના મુમુક્ષુ નીરજકુમારનું બહુમાન પણ રાખવામાં આવેલું. રોજ રાત્રે જિનાલયમાં ભાવના ભણાવાતી હતી.

ચૈ.વ.૧ તા.૭-૪-૨૦૨૩ શુક્રવારે સવારે ૮-૦૦ કલાકે વિશિષ્ટ દ્રવ્યોથી પારણાં કરાવાયાં. પારણાં સમયે આયોજક તરફથી દરેક તપસ્વીઓને ચાંદીનો રૂ.૨૫૦ નો સિક્કો તથા સામુહિક ટીમમાંથી ૬૫૦ રૂ.ની પ્રભાવના અપાઈ ! પારણાં બાદ પરત જવા (નડિયાદ-અમદાવાદ) માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ચૈ.વ.૨ ના શનિવારે સવારે પૂજ્યશ્રી વિહાર કરી નહાર પધાર્યા. પૂજાવિદ્યામંદિર (સ્કૂલ) માં સ્થિરતા કરી. ત્યાંથી વ.૩ રવિવારે નોંધણા ગામે પધાર્યા. સાંજે વિહાર કરી ઉબેર સંથારો કર્યો. સોમવારે સવારે માસર રોડ પધાર્યા. મંગળવારે ગવાસદ રહી બુધવારે વ.૭ ના દિવસે વડુ પધાર્યા. ત્યાંથી બામણગામ થઈ જિનાલયની સાલગિરા પર આસોદર પધારશે.

## ચાતુર્માસનિર્ણય

પૂજ્યપાદ ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક, અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક આચાર્ય દેવ શ્રીમદ્ **વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**ના વિદ્વાન પટ્ટધર આગમ-શિલ્પ - વિધિવિધાનવિશારદ, સન્માર્ગરક્ષક પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠા.૨ તથા **'સૂરિલબ્ધિ'** સુમુદાયના જ્યેષ્ઠ અને શ્રમણીશ્રેષ્ઠ પૂ.સા. **શ્રીસુવ્રત-લાવણ્યશ્રીજી મ.**નાં શિષ્યા-પ્રશિષ્યા પૂ.પ્રવર્તિની **સા.ભદ્રિકાશ્રીજી મ.**, પૂ.સા.**હર્ષનંદિતાશ્રીજી મ.** આદિ ઠા.૪ ના વિ.સં.૨૦૭૯ ના ચાતુર્માસ માટે અનેક સંઘોની વિનંતિ હતી. સામુદાયિક વર્ષીતપ આદિના કારણે તથા મહારાષ્ટ્ર શાર્દૂલ, વર્તમાન ગચ્છાધિપતિ પૂ.આ.શ્રીમદ્ **વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજ**ની આજ્ઞા-આશિષથી **બોરસદ, શ્રીવીશાઓસવાલ જૈનસંઘમાં** નિશ્ચિત થયેલ છે. તેનો જયોત્સવ કાવીતીર્થમાં ચાલતી સામુદાયિક નવપદ ઓળીમાં ચૈ.સુ.૯ તા.૩૦-૩-૨૦૨૩ ગુરુવારે ઉજવાયો. શ્રીસંઘમાં તથા ત્રણે સંઘના સંયુક્તપણે ચાલતા વર્ષીતપના તપસ્વીઓમાં હર્ષોલ્લાસ વૃદ્ધિ પામ્યો છે. શ્રી સંઘમાં આનંદ-આનંદ છવાયો.

ચાતુર્માસ પ્રવેશનો દિવસ નિશ્ચિત થયે જાણ કરવામાં આવશે. હાલ પૂજ્યશ્રી બોરસદ અને આસપાસ વિચરણ કરશે.

**સંપર્કસૂત્ર :** ૯૪૨૯૦૨૨૦૨૨, વોટ્સએપ નં.૮૩૩૯૦૯૯૯૯૯

**સ્થાનિક :** જનકભાઈ - ૯૪૨૭૩૮૪૩૪૫